સરગાસણ સ્વાગત એફોર્ડ ફલેટમાં

દારૂની મહેફીલ માણતા ૧૩ યુવક-યુવતી ઝડપાયા

મહેફીલ માણતા પકડાયેલા આરોપીઓ

- અક્ષત વરપ્રર્ષાદ તનકુ ઉં.૨૧, હાલ રહે, કર્ણાવતી ડેન્ટલ હોસ્પિટલ રૂમ નં. આઈ-૨.૧૧ ઉવારસદ, મુળ રહે. લીંગ પલ્લી અર્પણા સરોવર, નં.ડી-૯૦૧ હૈદરાબાદ
- સ્મૃતિ સદાનંદ પુજારી ઉં.૧૯ હાલ રહે, એચ-પ-ઈ-૮.૧ ડેન્ટલ હોસ્ટેલ ઉવારસદ, મુળ રહે, કાંન્દીવલી વસંત ઉત્સવ સોસાયટી ફલેટ નં. સી-૪૦૨ મુંબઈ
- પુજા મંગેશભાઈ સાંબારે ઉં.૧૯, મુળ રહે, એચ-૨-એ ૮.૬ ડેન્ટલ હોસ્ટેલ ઉવારસદ, અર્પણા સરોવર ફલેટ નં. એફ-૨૦૦૩, લીંગપલ્લી હૈદરાબાદ
- પ્રજવલ વિજયભાઈ કશ્યપ ઉં.૨૦, રહે. સ્વાગત એફોર્ડ એકસ-૫૦૧, સરગાસણ, મુળ રહે. ડી-૩૨ અયોધ્યાનગર ભોપાલ મધ્યપ્રદેશ
- પાર્થ રાજેન્દ્રભાઈ સોજીત્રા ઉં.૨૦ રહે. એકસ-૫૦૧, સ્વાગત એફોર્ડ સરગાસણ, મુળ રહે. ગંગોત્રી સોસાયટી, મકાન નં.-૭ નિકોલ અમદાવાદ
- અર્જુન દિલિપભાઈ કાનત ઉં.૧૯ રહે. જે૩.૯ ડેન્ટલ હોસ્ટેલ ઉવારસદ, મુળ રહે. મકાન નં.૫૦૩ બ્રુખીલ સોસાયટી થાણે મુંબઈ
- શ્રીજા શ્રીનિવાસ અપન્ના ઉં.૧૯ રહે. રૂમ નં. એચ-પ.૩ કર્ણાવતી ડેન્ટલ હોસ્ટેલ ઉવારસદ, મુળ રહે. પ્લોટ નં.૧૪૬-૨૧૦ સિકંદરાબાદ હૈદરાબાદ તેલંગણા
- નમ્રતા મનોજભાઈ અગ્રવાલ ઉં.૧૮ રહે. એચ-પ-૮.૨ કર્ણાવતી ડેન્ટલ હોસ્ટેલ ઉવારસદ, મુળ રહે. વાઘવેલ નાકા, વિજય એન્કલેવ ફલેટ નં.૧-૪૪ થાણે મુંબઈ.
- દીવ્યાંશી મેહુલભાઈ શર્મા ઉં.વ.૧૯ રહે, એચ-ઈ-૮.૨ કર્ણાવતી ડેન્ટલ ઉવારસદ મુળ રહે. પત્રકાર કોલોની મકાન નં.૯૯, સેન્ચુરી હોમ્સ જયપુર રાજસ્થાન.
- શ્રેયા રામાનંદ મિશ્રા ઉં.૧૯ રહે. એચ-ઈ-૮.૧ કર્ણાવતી ડેન્ટલ હોસ્ટેલ ઉવારસદ, મુળ રહે- જયોતિ હોસ્પિટલ સેકટર-૧૫ ૩-૬ ફ્રેન્ડ કોલોની ગુરગાંવ હરીયાણા
- નિહારીકા રાહુલ જૈન ઉં.૧૯ રહે.એચ-ઈ-૮.૧ કર્ણાવતી ડેન્ટલ હોસ્ટેલ ઉવારસદ ગાંધીનગર મુળ રહે. ૪૦૧, યુનિટેક ફાર્મ, કુડાસીટી સેન્ટર , ગુરવાંવ હરીયાણા
- ભવ્ય સુરેન્દ્રકુમાર રાવત ઉં.૨૧ રહે.એચ-૩૦૧ કર્ણાવતી ડેન્ટલ હોસ્ટેલ ઉવારસદ, મુળ રહે. સેન્ટ્રલ દિલ્હી પ્રતાપનગર મકાન નં.૧૦૬૮૬ ગ્રાઉન્ડ ફલોર દિલ્હી
- અવની રાકેશભાઈ અગ્રવાલ ઉં.૨૦ રહે.રૂમ નં. એચ-પઈ-૫૨ કર્ણાવતી ડેન્ટલ કોલેજ ઉવારસદ મુળ રહે. સી-૨૪૪ તલવંડી આનંદપુર ફુટાતલબ કોટા રાજસ્થાન

ગાંધીનગર, તા.૨૮

ન્યું ગાંધીનગરના સરગાસણ વિસ્તારમાં આવેલા સ્વાગત એફોર્ડ ફલેટમાંથી દારૂની મહેફીલ માણતા

૧૩ યુવક-યુવતિઓ ઝડપાયા છે. બર્થ ડે પાર્ટીની ઉજવણી ચાલી રહી હોવાથી મ્યુઝીક સિસ્ટમ જોરશોરથી વગાડી નબીરા અને યુવતિઓ ડાન્સ કરી રહી હતી. તે સમયે અચાનક સ્થાનિક નાગરીકોએ રેઈડ પાડી મફેફીલમાં રંગમાં ભંગ પાડ્યો હતો. સ્થાનિક નાગરીકો ઘરમાં પહોંચી જતા યુવક-યુવતિઓમાં ભાગદોડ મચી ગઈ હતી.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ઈન્ફોસીટી પોલીસને કંટ્રોલરૂમમાંથી વર્ધી મળી હતી કે સ્વાગત એફોર્ડ ફલેટ ખાતે એકસ-૫૦૧ માં કેટલાક છોકરા છોકરીઓ જોરશોરથી મ્યુઝીક વગાડી રહ્યા છે. જેને પગલે ઈન્ફોસીટી પીઆઈ પી.પી.વાઘેલાની સુચનાથી પોલીસ કાફલો સરગાસણ સ્વાગત એફોર્ડ ખાતે દોડી ગયો હતો. જયાં ફલેટ નં.એકસ-૫૦૧ માં છોકરા-છોકરીઓ દારૂના નશામાં મળી આવ્યા હતા. જેમાં એક યુવતિ દારૂના ચકચુર નશામાં પલંગ પર સુઈ ગઈ હતી. જયારે ફલેટ પરથી પોલીસને સમ્રાટ નમકીનના પડીકા તેમજ પ્લાસ્ટીકના ગ્લાસ અને ૨ ખાલી બોટલ મળી આવી હતી.

ઉલ્લેખનીય છે કે સ્વાગત એફોર્ડ ફળેટ ખાતે નબીરાઓ અને યુવતિઓ સ્મૃતિ સદાનંદ પુજારીની બર્થ ડે પાર્ટી હોવાથી એકઠા થયા હતા. ઉવારસદ કર્ણાવતી યુનિવર્સિટીના ફેશન ડીઝાઈનીંગમાં અભ્યાસ કરતા યુવક યુવતિ હતા અને ડેન્ટલ હોસ્ટેલમાં રહે છે. રાત્રે જ પોલીસે તમામ યુવક-યુવતિઓનું મેડીકલ તપાસ કરાવી હતી. પોલીસે તમામ સામે પ્રોહીએકટ મુજબ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

આરોપી પાસેથી જમા લીધેલ મુદ્દામાલ

ભારતીય બનાવટની વિદેશી દારુની ખાલી બોટલ નંગ-૨, પ્લાસ્ટીકના ગ્લાસ નંગ-૧૩ અને નમકીનના તુટેલા પેકેટ નંગ-૫ જમા લીધેલ છે.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી.
- આજે રવિવારની રજા હોવાથી ક્રિકેટપ્રેમીઓએ ભારત-ન્યુઝીલેન્ડની ટેસ્ટ મેચ નિહાળી દિવસ પસાર કર્યો હતો.
- દહેગામમાં એક સાથે ૬ મકાનોના તાળાં તુટતાં નાગરજનોમાં ગભરાટની લાગણી પ્રવર્તી રહી છે.
- ભાજપના જિલ્લા એકમની કારોબારી બેઠક આજે મળી હતી.
- ભાજપના પ્રદેશ મહામંત્રી રત્નાકરજીએ પાલજની મુલાકાત લઈ પ્રધાનમંત્રી મોદીનો "મન કી બાત" કાર્યક્રમ માણ્યો હતો.
- ગાંધીનગર શહેરના નવા સેક્ટરોમાં ફોર્સથી પેયજળનો પુરવઠો નહિ મળતો હોવાની ફરિયાદો ઉઠવા પામી છે.
- છત્રાલ હાઈવે ઉપર અકસ્માતમાં દિપડાનું મોત થયાના અહેવાલોથી વન વિભાગ પણ હરકતમાં આવ્યુ છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા સોલાર વૉટર રિવર્ષ ઓપ્ટોમાઈઝ સિસ્ટમના ૧૦૦ એસ.પી.એચ. અને ૨૫૦ એસ.પી.એચ.નો એક-એક પ્લાન્ટ ખરીદવામાં આવશે.
- ગ્રીનસીટી સે. ૨૭માં આજે યોજાયેલ સ્નેહમિલન કાર્યક્રમમાં મનપાના મેયર હિતેશ મકવાણા, ડે. મેયર પ્રમલસિંહ ગોલ તથા સ્થાયી સમિતિના ચેરમેન જશુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

ગાડીમાં દારૂની બોટલ લાવવાની ના પાડતા યુવકે લાકડી ફટકારી

ગાંધીનગર, તા.૨૮

શહેરના સેકટર-૨૪ ખાતે રહેતો યુવક ગાડી ભાડે કરીને મિત્રના લગ્નમાં સંતરામપુર ગયો હતો. ત્યાં લગ્ન પ્રસંગ બાદ ગાંધીનગર આવવા માટે નીકળ્યા હતા. તે સમયે દારૂની બોટલ સાથે લેવાની વાત કરી હતી. જેથી કાર માલિકે ગાડીમાં દારૂની બોટલ લેવાની ના પાડી દીધી હતી. જેથી આ બાબતે યુવકને મનદુખ થયું હતું. ત્યારે પેથાપુર કનૈયા પાન પાર્લર ખાતે રાત્રીના અઢી વાગે તેઓ આવ્યા હતા.ત્યાં ચા પીતા સમયે ભાડા અંગે વાત કરતા દારૂના મનદુખને પગલે યુવક ઉશ્કેરાઈ ગયો હતો અને કાર ચાલક સાથે ઝઘડો કરી ગાળો બોલીને મારી નાંખવાની ધમકી આપી પ્લાસ્ટીકની લાકડી કપાળના ભાગે મારી હતી. લાકડીની ઈજાને પગલે તાત્કાલીક સારવાર માટે કાર ચાલકને લઈ જવાયો હતો. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે સિધ્ધાર્થસિંહ ચાવડાએ ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨૪ શિવમ એપાર્ટમેન્ટ એમ-૧૨-૧૪૩ ખાતે રહેતા સિધ્ધાર્થસિંહ શંકરસિંહ ચાવડા (ઉં.૨૪) પરિવાર સાથે રહે છે અને એકસેન્ટ ગાડી ઓલા-ઉબેરમાં ભાડે ફેરવીને પરિવારનું ગુજરાન ચલાવુ છું. જયારે છેલ્લા એક વર્ષથી રવિ ઉર્ફે ભુરો દલાલ (રહે-૨૪ ચાંમુડા ચોકની ગલીમા) થી પરિચિત છું, અને તે મિત્ર પણ છે. ગતરોજ સાંજના સમયે રવિનો ફોન આવ્યો હતો અને મારા મિત્ર સંતરામપુર ખાતે રહે છે અને તેમના લગ્ન પ્રસંગમાં જવુ પડે તેમ છે. જેથી મને તમારી ગાડી ભાડે કરી આપો તેવી વાત કરી હતી. સંતરામપુર જવા માટે ભાડા પેટે રૂ.૫૦૦૦ની વાત કરી હતી અને તેણે હા પાડી હતી. ત્યારબાદ સાંજના સવાપાંચ વાગે સંતરામ પુર જવા માટે નીકળ્યા હતા. અને રાત્રે

● અનુસંધાન પાના - ૭ પર

હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ

આતો, દિકરાના લગ્નની કંકોત્રી આપવા સગા-વહાલાને ઘરે ગયો હતો.. અને ચર્ચા કરતાં કરતાં...!!!

અમૂલ એ સહકારી મોડલ અને મહિલા સશક્તિકરણની સફળતાનું સૌથી મોટું ઉદાહરણ

કેન્દ્રીય સહકાર મંત્રી અમિત શાહે અમૂલ ફેડરેશનના નવા મિલ્ક પાઉડર, પોલિ ફિલ્મ પ્લાન્ટ્સનું ઉદઘાટન કર્યું : શાહે ગાંધીનગર સ્થિત અમૂલફેડ ડેરી ખાતે નવા બટર ઉત્પાદન પ્લાન્ટ તથા અત્યાધુનિક વેરહાઉસિંગ સુવિધાનું પણ ઉદઘાટન કર્યું

ગાંધીનગર, તા. ૨૮

કેન્દ્રીય ગૃહ અને સહકાર મંત્રી અમિત શાહે રવિવારે ગાંધીનગર ખાતે અમૂલફેડ ડેરીના નવા દૂધ પાઉડર પ્લાન્ટ, પોલિ ફિલ્મ ઉત્પાદન પ્લાન્ટ તથા અન્ય પ્રોજેક્ટ્સનું ઉદઘાટન કર્યું હતું. ડેરી દ્વારા આ ચાર પ્રોજેક્ટ્સમાં રૂ. ૪૧૫ કરોડનું રોકાણ કરાયું છે.

આ નવો દૂધ પાઉડર પ્લાન્ટ એશિયાની સૌથી મોટી સંપૂર્ણ ઓટોમેટિક અમૂલફેડ ડેરી ખાતે સ્થાપવામાં આવેલ છે જે જીસીએમએમએફનું એકમ છે અને તેની મિલ્ક હેન્ડલિંગ ક્ષમતા દૈનિક ૫૦ લાખ લિટરની છે. આ નવો પ્લાન્ટ ૨૪૭૭ કાર્યરત રહે તે રીતે રૂ. ૨૫૭ કરોડ રૂપિયાના રોકાણથી બનાવવામાં આવ્યો છે.

કેન્દ્રીય સહકાર મંત્રી અમૂલ બટરના એક નવા પ્લાન્ટનું ઉદઘાટન પણ કર્યું હતું, જે અમૂલફેડ ડેરીની બટર ઉત્પાદન ક્ષમતાને દૈનિક ૪૦ ટનથી ત્રણ ગણી વધારીને ૧૨૦ ટન કરશે. આ પ્લાન્ટ રૂ. ૮૫ કરોડના રોકાણ સાથે બનાવવામાં આવ્યો છે. અમૂલફેડ ડેરીમાં નવી રોબોટિક હાઈટેક વેરહાઉસિંગ સુવિધા જે રૂ. ૨૩ કરોડના ખર્ચે બનાવવામાં આવી છે, જે ડેરીને લાંબાગાળા સુધી બગડે નહીં તેવા ૫૦ લાખ લિટર દૂધને કાર્ટન પેકેજિંગમાં ખૂબ મોટા જથ્થામાં સંગ્રહિત કરવા સક્ષમ બનાવે છે.

કેન્દ્રીય સહકાર મંત્રી ગાંધીનગરમાં અમૂલફેડ ડેરીના નવા પોલિ ફિલ્મ પેકેજિંગ પ્લાન્ટનું પણ ઉદઘાટન કર્યું હતું. આ વિસ્તરણને પગલે પ્લાન્ટની ઉત્પાદન ક્ષમતા વાર્ષિક ૨૦,૦૦૦ ટનથી બમણી થઈ ૪૦,૦૦૦ ટન થઈ છે, જે તેને ભારતનો સૌથી મોટો પોલિ ફિલ્મ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ બનાવે છે. આ નવા વિસ્તરણ માટે રૂ.૫૦ કરોડનું રોકાણ કરાયું છે. ઉદ્‌ઘાટન પ્રસંગે અમિત શાહે કહ્યું કે આ નવા પ્રોજેક્ટ સ્થાપિત કરીને અમૂલે તેના ત્રણ આધાર સ્તંભ મજબૂત કર્યા છે. શાહે કહ્યું "૩૬ લાખ ડેરી ખેડૂતો દ્વારા દૂધ પ્રાપ્તિ, દૂધ અને દૂધના ઉત્પાદનોની પ્રક્રિયા અને લાખો ગ્રાહકોને અંતિમ ઉત્પાદનનું માર્કેટિંગ એ અમૂલના ત્રણ આધારસ્તંભ છે. અમૂલે આ નવા પ્રોજેક્ટ્સ સાથે ત્રણેય સ્તંભોને મજબૂત કર્યા છે" તેમણે અમૂલને સહકારી મોડલ અને મહિલા સશક્તિકરણની સફળતાનું સૌથી મોટું ઉદાહરણ ગણાવ્યું.

આ પ્રસંગે વિવિધ જિલ્લાની પ્રગતિશીલ મહિલા ડેરી ખેડૂતોનું મહાનુભાવોના હસ્તે સન્માન કરવામાં આવ્યું હતું. અગાઉ, જીસીએમએમએફના ચેરમેન શામલભાઈ પટેલે જણાવ્યું હતું કે ફેડરેશન તેનું ટર્નઓવર વર્ષ ૨૦૨૦-૨૧માં ૫૩,૦૦૦ કરોડથી વર્ષ ૨૦૨૫ સુધીમાં ૧ લાખ કરોડ બમણું કરવા પ્રતિબદ્ધ છે.

"અમે અમૂલની પ્રવૃત્તિઓને ગુજરાતમાં અને બહારના પ્રદેશોમાં વિસ્તારવા માંગીએ છીએ જેથી કરીને સમૃદ્ધિ વધુમાં વધુ લોકો સુધી પહોંચે અને અમે ખેડૂતોની આવક બમણી કરવાના લક્ષ્યમાં યોગદાન આપી શકીએ"

સેકટર-૫ ખાતે વસાહત મંડળનો નૂતન વર્ષનો સ્નેહ મિલન સમારંભ યોજાયો

મહાનગર પાલિકાના મેયર અને ડેપ્યુટી મેયરે હાજર રહી સૌને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી

ગાંધીનગર, તા. ૨૮

ગાંધીનગરના સેકટર-૫ વસાહત મહામંડળ તથા સહયોગી સંસ્થાઓ દ્વારા નૂતન વર્ષ નિમિત્તે વસાહતીઓનો સ્નેહ મિલન સમારંભ તા.૨૭મી નવેમ્બર શનિવારે સાંજે સે.૫ના ખોડિયાર મંદિરના પટાંગણમાં યોજાયો હતો. મહાનગર પાલિકાના મેયર હિતેશભાઈ મકવાણા અને ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલે હાજર રહી સૌને નૂતન વર્ષની શુભેચ્છાઓ પાઠવી હતી.

સ્નેહમિલન સમારંભના અધ્યક્ષ પદે ઉધોગપતિ અંબુસિહ ગોલ, અતિથિ વિષેશ પદે પૂર્વ ધારાસભ્ય અને ભારત સરકારમાં દ્વારા કોલ ઈન્ડિયાના નવનિયુક્ત ડાયરેકટર પુનમભાઈ મકવાણા તેમજ આમંત્રિત મહેમાનોમાં વોર્ડ-૮ના કોર્પોરેટરો રાજેશભાઈ પટેલ, છાયાબેન ત્રિવેદી સહિત સેકટર-૫ વસાહતના અગ્રણી અને પ્રજાપતિ સમાજના પૂર્વા પમુખ અલ્પેશભાઈ પ્રજાપતિ વગેરે મહેમાનોએ ઉપસ્થિત રહી વસાહતીઓને શુભેચ્છાઓ પાઠવી હતી. આ કાર્યક્રમમા સેકટર-૫ વસાહતના તમામ વિભાગના વસાહતીઓએ મોટી સંખ્યામાં હાજર રહી એક બીજાને નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છાઓ પાઠવી હતી. દીપ પ્રાગટ્ય બાદ શહેર તથા સેકટરના કોરોના મૃતકોને બે મિનિટ મૌન પાળી શ્રધ્ધાજંલી પાઠવી હતી. પ્રાર્થના બાદ યોગ પરિવારના યોગ ગુરુ સુરેન્દ્રસિહ વાઘેલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. સે-૫ વસાહત મંડળ અને ગાંધીનગર શહેર વસાહત મહાસંઘના પ્રમુખ કેશરીસિંહ બિહોલાએ પ્રસંગિક ઉદબોધન કરી વસાહતીઓની પરસ્પર કૌટુંબિક ભાવનાનો પરિચય આપતા સારા નરસા પ્રસંગોએ એકબીજાને મદદરૂપ થવા સાથે ભાઈચારો કેળવાય તેવા આશયથી સ્નેહ મિલન સમારંભનું આયોજન કરવામાં આવ્યું છે તેવું જણાવી સેકટરની કેટલીક સમસ્યાઓ જેવી કે બગીચાનું રિનોવેશન કામ જલદી પૂર્ણ કરી સંપૂર્ણ સુવિધાઓ સાથે તેને એ-ગ્રેડમાં મુકવા, સરકારી દવાખાનું ચાલુ કરવા, સેકટર-૬ની પોસ્ટ ઓફિસના મકાન રિનોવેશન દરમ્યાન તેને સેકટર-૫ ખાતે શિફ્ટ કરવા, સેકટર-૫મા રંગમંચ અથવા કોમ્યુનિટી હૉલ બનાવવા અને સે-૫ વસાહત વિભાગના કોમનચોકમા પેવાર બ્લોક નાંખવા સહિતની માંગણીઓ રજૂ કરી હતી. આ સાથે મેયર હિતેશભાઈ મકવાણા, ડેપ્યુટી મેયર પ્રેમલસિંહ ગોલ, પુનમભાઈ મકવાણા, અંબુસિહ ગોલ વગેરે દ્વારા પ્રાસંગિક ઉદબોધન કરવામાં આવ્યું હતું અને મેયરે તમામ પ્રશ્નોને ઉકેલવાની ખાત્રી આપી હતી.

સમારંભનું આયોજન વસાહત મહામંડળના સભ્યો નરેશભાઈ પરમાર, વિનોદભાઈ ભટ્ટ, વાસુદેવભાઈ સુથાર વગેરેએ અને સંચાલન વસાહત મહાસંઘના મહામંત્રી પોપટલાલ પ્રજાપતિએ કર્યુ હતું. સમારંભમાં વસાહતી અગ્રણીઓ મુળસિહ ચાવડા, કાનજીભાઈ દેસાઈ, ઘનશ્યામસિહ ગોલ, મણિલાલ સોલંકી, વિનોદભાઈ ભટ્ટ, નટુભા જાડેજા, બાબુભાઈ દેસાઈ, સોમભાઈ ચૌધરી, યોગ પરિવાર સભ્યો આર જી દવે, પી વી જેઠવા, કનુભાઈ ત્રિવેદી તથા ખોડિયાર મંદિર ટ્રસ્ટ પરિવારના રામભાઈ ગઢવી, સાગરદાન ગઢવી, સમરથદાન ગઢવી, નરહરદાન ગઢવી, હરિદાન ગઢવી તથા સેકટરના વસાહતી અગણીઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

લગ્નસરામાં ટામેટાંના ભાવમાં વધારો

ગાંધીનગર, તા.૨૮

શહેરમાં શાકભાજી સસ્તા થતાં ગૃહિણીઓમાં આનંદ છવાયો હતો. પરંતુ પાછલા એક સપ્તાહથી લાલચોળ ટામેટાંનો ધગધગતો ભાવ દાળ શાક વધુ બેસ્વાદ બનાવે તેવી દહેશત ઉભી થઈ છે. લગ્નસરાની ભોજનથાળ ઉપર પણ ટામેટાંની મોંઘવારી હાવી થતી જોવા મળી રહી છે. ૧ કિ.ગ્રા. ટામેટાંનો ભાવ રૂ. ૭૦ એ પહોંચ્યો છે. આવનારા દિવસોમાં વેપારીઓની સંગ્રહખોરીના કારણે ટામેટાંના ભાવમાં વધારો થયાની વિગતો સામે આવી શકે છે.

મોંઘવારીના કારણે માત્ર જગતના તાત લૂંટાઈ રહ્યા છે. સારું ઉત્પાદન થાય કે ઓછું ઉત્પાદન થાય પરંતુ ખેડૂતના લલાટે માત્ર ખોટ સિવાય કશું અંકિત થતું નથી. સામાન્ય રીતે આ સમયમાં સ્થાનિક આવક હોય છે. પરંતુ આ વખતે ભારે વરસાદને કારણે પાક નિષ્ફળ ગયો છે એટલે મહારાષ્ટ્ર, બનાસકાંઠા, સાબરકાંઠાથી આવક થતી હોય છે. તે આ વખતે ભારે વરસાદને કારણે પાક નિષ્ફળ

ગયો છે. ટામેટાં ઉગાડતા મુખ્ય પ્રદેશોમાંના એક કર્ણાટકમાં પરિસ્થિતિ એટલી ગંભીર છે કે મહારાષ્ટ્રના નાસિકથી શાકભાજી મોકલવામાં આવી રહી છે તેથી ટામેટાંના ભાવમાં વધારો કરવામાં આવ્યો છે. વધુ પડતાં વરસાદને કારણે વિવિધ શાકભાજીઓ અને પાકને ઘણું નુકસાન થયું છે અને આ કારણે સ્વાભાવિક રીતે જ તેના ભાવ નવી નવી ઉંચાઈઓ ધારણ કરે છે. ટામેટાંના ભાવ વધવાથી ખેડૂતો જેઓ ટામેટાંની ખેતી કરી રહ્યા છે તેઓને ટામેટાંની ખેતી ફળી છે.

ટેકનોલોજીના જમાના પ્રમાણે ખેડૂતોએ પોતાની ખેતી બદલી છે. ખેડૂતો રોકડીયા પાક લેવામાં સફળ નીવડી રહ્યા છે. મોબાઈલ અને સોશીયલ મિડીયાના માધ્યમથી શાકભાજીનું વાવેતર કરી સારી આવક મેળવી રહ્યા છે. લગ્નસીઝનના કારણે પણ શાકભાજીના ભાવમાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. ટામેટાના ભાવ ન મળતા ખેડૂતોને ટામેટા ફેંકવાનો વારો આવી પડયો હતો. જો કે ચાલુ માસ દરમિયાન ટામેટાંના ભાવ વધુ હોવાના કારણે ખેડૂતોને પોસાય તેવા ભાવ મળ્યા છે. ટામેટાંના ભાવમાં ભડકો થવાથી ગ્રાહકો પણ ટામેટાંની ખરીદી કરતા પહેલા વિચારી રહ્યા છે. જેમાં ટામેટાં સામાન્ય માણસોથી દૂર થઈ ગયા છે. આમ હોલસેલ અને રીટેલ બંનેમાં ટામેટાંના ભાવમાં વધારો થયો છે.